# પેન્શનર્સ પ્રકાશ

જુલાઈ-૨૦૨૫


## State Bank of India: 70 Years of Nation-Building and Banking Excellence

Dear Friends,

### Introduction

As India's largest and most trusted bank, the **State Bank of India (SBI)** celebrates 70 glorious years of its existence in 2025. But SBI's roots run much deeper—its journey began more than two centuries ago, making it not just a witness to India's evolution but also a formidable participant in shaping the nation's economic landscape. From its colonial-era origin to its present stature as a global banking giant, SBI's transformation mirrors India's own march toward progress, self-reliance, and financial empowerment.

### Colonial Origins: The Presidency Banks

The SBI story began in the early 19th century with the formation of the three Presidency Banks:

• **Bank of Calcutta (1806)** – later renamed **Bank of Bengal** • **Bank of Bombay (1840)** • **Bank of Madras (1843)**

These banks served the trading interests of the British East India Company and acted as quasi-central banks during their time. In **1921**, the three banks merged to form the **Imperial Bank of India (IBI)** — a semi-government institution performing commercial banking, treasury, and even central banking functions before the Reserve Bank of India (RBI) came into being in 1935.

### Birth of SBI (1955): The People's Bank

After India gained independence in 1947, it was clear that the country needed a strong, state-supported banking institution that could cater to the needs of rural and underbanked sectors and support planned economic development.

• In **1955**, the Government of India nationalized the Imperial Bank of India through the **State Bank of India Act, 1955**, acquiring a 92% stake via the **Reserve Bank of India**. • Thus was born the **State Bank of India** on **1st July 1955** with a mission to act as the principal agent of the RBI in rural and semi-urban areas and take banking to the masses.

SBI was envisioned not just as a bank, but as a **developmental institution**—to fuel agriculture, small industries, trade, and uplift underserved areas.

### Expansion and National Integration (1955–1980s)

#### State Associate Banks Integration

To further extend reach, several princely state-owned banks were brought under the SBI umbrella between 1959–1960:

• State Bank of Bikaner& Jaipur • State Bank of Indore • State Bank of Hyderabad • State Bank of Mysore • State Bank of Patiala • State Bank of Travancore • State Bank of Saurashtra

These banks, known as **SBI Associates**, operated under SBI's aegis and played key roles in regional economic development.

#### Branch Expansion and Rural Penetration

**SBI rapidly expanded its footprint:**

• From about **480 branches in 1955**, it grew to **over 12,000 branches by the 1980s**. • Focus was on **rural banking**, aligning with the Five-Year Plans of India. • **Lead Bank Scheme (1969)** and the **Green Revolution** saw SBI deeply involved in agricultural credit.

### Technology and Modernization (1990s–2000s)

#### Liberalization and New Challenges

With the economic liberalization of the 1990s, SBI faced competition from private and foreign banks. This called for:

• **Technological modernization** • **Customer service improvement** • **Corporate banking focus**

#### Technology Integration

**SBI launched several firsts in India:**

• First Indian bank to have **fully computerized branches** • Introduced **Core Banking Solution (CBS)** in the 2000s • Enabled **online banking**, **mobile banking**, and **SBI YONO (You Only Need One)** app, now one of the most comprehensive digital banking platforms in Asia.

### Consolidation and Globalization (2008–2017)

#### Mergers with Associate Banks

To become a globally competitive bank, SBI undertook a historic consolidation:

• **2008:** State Bank of Saurashtra merged • **2010:** State Bank of Indore merged • **2017:** All remaining five associate banks and **BharatiyaMahila Bank** were merged into SBI


વર્ષ-૧૮ ● અંક : ૭
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

This made SBI one of the **Top 50 global banks** by assets and **one of the largest employers in India**, with over **250,000 employees**.

**International Presence**

SBI now operates in **over 30 countries**, with **200+ international offices**, catering to NRIs, Indian corporates, and global trade partners.

**SBI in the Current Context (2025)**

**Digital Transformation**

SBI has evolved into a **tech-savvy, customer-centric bank**:

· **YONO** app has over **70 million users** · **AI and analytics** drive personalized banking and fraud detection · Offers **paperless, branchless banking** through video KYC, e-loans and chatbots

**Financial Inclusion Champion**

SBI has led the **Jan DhanYojana**, opening more than **450 million accounts**, and is instrumental in:

· **Direct Benefit Transfers (DBT)** · **PM-KISAN and pension schemes** · **MUDRA loans for micro-enterprises**

**Credit Growth and Support to MSMEs**

· SBI is the **largest lender to MSMEs, agriculture, and retail segments** · Has disbursed billions in **COVID-relief**, **Start-up India** and **Stand-up India** loans

**Green and Sustainable Banking**

· Issued India's first **Green Bonds** · Funds projects in **renewable energy, EV, and climate-resilient infrastructure**

**SBI: At a Glance (2025)**

| Parameter | Value | Parameter | Value |
|---|---|---|---|
| Branches | 22,500+ | Customers | 470 million+ |
| ATMs/CDMs | 58,000+ | Market Capitalization | Among top listed Indian companies |
| Employees | 250,000+ | | |
| Global Ranking | Among Top 50 global banks | | |
| Digital Users (YONO etc.) | Over 100 million | | |
| Credit Portfolio | Rs. 35+ lakh crore | | |
| Deposits | Rs. 45+ lakh crore | | |

**Legacy and Cultural Impact**

SBI is not just a bank; it's a **national institution**:

· It was where **millions had their first bank account** · Has been **employer of choice** for generations · Represents **trust, security and resilience**

Its **blue logo**, signifying a keyhole, represents **security and unlocking potential**.

SBI has stood by the nation in every crisis—be it wars, natural calamities, or pandemics—providing liquidity, relief and confidence.

**Looking Ahead: The Next 70 Years**

**SBI is set to lead the next banking revolution:**

· **AI-first banking experiences** · **Blockchain - based settlements** · **Digital Rupee infrastructure** · **Financial literacy and empowerment at grassroots**

As India aspires to become a **$10 trillion economy**, SBI will remain at the forefront, ensuring that **growth is inclusive, sustainable and secure**.

**Conclusion :** From the ashes of colonial banking to the zenith of digital innovation, **State Bank of India** has completed a majestic journey of 70 years — one marked by trust, resilience and purpose. Its story is India's story — of aspiration, self-reliance and inclusive progress. As it celebrates this platinum milestone, SBI not only looks back with pride but also looks ahead with vision — committed, as always, to being the **Banker to Every Indian. We at the SBI Pensioners' Association take immense pride in our organisation and its remarkable journey. Having devoted 30 to 40 years of our working lives to the State Bank of India, we feel privileged to have been part of its evolutionary path and growth. It is with a deep sense of pride and collective spirit that we join in celebrating this significant milestone in the history of our beloved Bank.**

**- Kamal Kadri, Editor**

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા : રાષ્ટ્ર નિર્માણ અને બેંકિંગ સેવાના શ્રેષ્ઠ ૭૦ વર્ષ

પ્રિય મિત્રો,

**પરિચય :** ભારતની સૌથી મોટી અને વિશ્વસનીય બેંક તરીકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૨૦૨૫માં તેના અસ્તિત્વના ૭૦ ગૌરવશાળી વર્ષ ઊજવી રહી છે. પરંતુ એસબીઆઈના મૂળિયા ઘણાં ઊંડા છે - તેની યાત્રા બે સદીઓ પહેલા શરૂ થઈ હતી, જેના કારણે તે ફક્ત ભારતની આર્થિક ઉત્ક્રાંતિનું સાક્ષી જ નહીં પરંતુ દેશના આર્થિક પરિદૃશ્યને આકાર આપવામાં એક પ્રબળ સહભાગી પણ બની છે. તેના વસાહતી યુગના મૂળથી લઈને વૈશ્વિક બેકિંગ જાયન્ટ તરીકે તેના વર્તમાન કદ સુધી, એસબીઆઈનું પરિવર્તન ભારતની પ્રગતિ, આત્મનિર્ભરતા અને નાણાકીય સશક્તિકરણ તરફની પોતાની કૂચને પ્રતિબિંબિત કરે છે.

**વસાહતી મૂળ : પ્રેસિડેન્સી બેન્કો**

એસબીઆઈની યાત્રા ૧૯મી સદીની શરૂઆતમાં ત્રણ પ્રેસિડેન્સી બેંકોની રચના સાથે શરૂ થઈ હતી.

● બેંક ઓફ કલકત્તા (૧૮૦૬) આ બેંકનું નામ બદલી બેંક ઓફ બંગાળનું નામ કરવામાં આવ્યું હતું. ● બેંક ઓફ બોમ્બે (૧૮૪૦) ● બેંક ઓફ મદ્રાસ (૧૮૪૩)

આ બેંકો બ્રિટીશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીના વેપાર/વાણિજ્યના હિતોને સેવા આપતી હતી અને તેમના સમય દરમિયાન અર્ધકેન્દ્રિય બેંકો તરીકે કામ કરતી હતી. ૧૯૨૧માં, ત્રણેય બેંકોનું વિલીનીકરણ કરીને ઇમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવી. એક અર્ધ-સરકારી સંસ્થા હતી, જે ૧૯૩૫માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અસ્તિત્વમાં આવી તે પહેલાં વાણિજ્યિક બેંકિંગ, ટ્રેઝરી અને કેન્દ્રિય બેંકીંગ કાર્યો પણ કરતી હતી.

**એસબીઆઈનો જન્મ (૧૯૫૫), ભારતીય જનતાની બેંક (ધ પીપલ્સ બેંક) :** એસબીઆઈમાં ભારતને સ્વતંત્રતા મળ્યા પછી, એ સ્પષ્ટ થઈ ગયું હતું કે દેશને એક મજબુત રાજ્ય સમર્થિત/સમર્પિત બેંકીંગ સંસ્થાની જરૂર છે જે ગ્રામીણ અને બેંકિંગ સુવિધાથી વંચિત ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરી શકે અને દેશના આયોજિત વિકાસને ટેકો આપી શકે.

• ૧૯૫૫માં, ભારત સરકારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૫૫ દ્વારા ઇમ્પીરીયલ બેંક ઓફ ઈન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કર્યું, અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ૯૨% હિસ્સો હસ્તગત કર્યો. • ૧લી જુલાઇ ૧૯૫૫ના રોજ ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં આરબીઆઈના મુખ્ય એજન્ટ તરીકે કાર્ય કરવા અને બેકિંગને જનતા સુધી પહોંચાડવાના મિશન સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો જન્મ થયો.

એસબીઆઈની કલ્પના ફક્ત એક બેંક તરીકે જ નહીં, પરંતુ એક વિકાસશીલ સંસ્થા તરીકે કરવામાં આવી હતી. જે કૃષિ, નાના ઉદ્યોગો, વેપાર અને વંચિત વિસ્તારોના ઉત્થાનને પ્રોત્સાહન આપે છે.

**વિસ્તરણ અને રાષ્ટ્રીય એકતા (૧૯૫૫-૧૯૮૦)**

**રાજ્ય સહયોગી બેંકોનું એકીકરણ**

૧૯૫૯-૧૯૬૦ની વચ્ચે, ઘણી રજવાડાની માલિકીની બેંકોને એસબીઆઈના છત્ર હેઠળ લાવવામાં આવી હતી :

• સ્ટેટ બેંક ઓફ બિકાનેર અને જયપુર • સ્ટેટ બેંક ઓફ ઈન્દોર • સ્ટેટ બેંક ઓફ હૈદ્રાબાદ • સ્ટેટ બેંક ઓફ મૈસુર • સ્ટેટ બેંક ઓફ પટિયાલા • સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર • સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર

આ બેંકો, જે એસબીઆઈ એસોસીએટ્સ તરીકે ઓળખાતી હતી, એસબીઆઈના નેજા હેઠળ કાર્યરત હતી અને પ્રાદેશિક આર્થિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવતી હતી.

**શાખા વિસ્તરણ અને ગ્રામીણ પ્રવેશ**

**એસબીઆઈએ ઝડપથી પોતાનો વ્યાપ વધાર્યો :**

• ૧૯૫૫ માં ૪૮૦ શાખાઓ હતી, જે ૧૯૮૦ સુધીમાં વધીને ૧૨૦૦૦થી વધુ શાખાઓ થઈ ગઈ. • ભારતની પંચવર્ષીય યોજનાઓ સાથે સુસંગત ગ્રામીણ બેંકિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. • લીડ બેંક સ્કિમ (૧૯૬૯) અને હરિયાળી ક્રાંતિએ એસબીઆઈને કૃષિ ધિરાણમાં સક્રિયતા સાથે સામેલ કરેલ.

**ટેક્નોલોજી અને આધુનિકરણ (૧૯૯૦-૨૦૦૦)**

**ઉદારીકરણ અને નવા પડકારો :** ૧૯૯૦ના દાયકાના આર્થિક ઉદારીકરણ સાથે, એસબીઆઈને ખાનગી અને વિદેશી બેંકો તરફથી સ્પર્ધાનો સામનો કરવો પડ્યો. આ માટે જરૂરી હતું.

● ટેક્નોલોજી આધુનિકીકરણ ● ગ્રાહક સેવામાં સુધારો ● કોર્પોરેટ બેંકીંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

**ટેક્નોલોજી એકીકરણ**

**એસબીઆઈ એ ભારતમાં બેંકિંગમાં આધુનિકીકરણની પહેલ ઘણી વહેલી કરી હતી :** ● સંપૂર્ણપણે કોમ્પ્યુટરરાઈઝ્ડ શાખાઓ ધરાવતી ભારતીય બેંક ● ૨૦૦૦ના દાયકામાં કોર બેંકિંગ સોલ્યુશન (સીબીએસ) રજૂ કર્યું. ● સક્ષમ ઓનલાઈન બેંકિંગ, મોબાઈલ બેંકિંગ અને એસબીઆઈ યોનો (યુ ઓનલી નીડ વન) એપ, જે હવે એશિયામાં સૌથી વ્યાપક ડિજિટલ બેંકિંગ પ્લેટફોર્મમાંનું એક છે.

**નાણાકીય સમાવેશ ચેમ્પિયન**

એસબીઆઈ એ જનધન ખાતા ખોલવા માટેનું નેતૃત્વ કર્યુ છે અને આ યોજના અંતર્ગત, ૪૫૦ મિલિયનથી વધુ ખાતા ખોલ્યા છે, અને તેની નીચેના વ્યવહારોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

● ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) ● પીએમ- કિસાન અને પેન્શન યોજનાઓ ● સૂક્ષ્મ ઉદ્યોગો માટે મુદ્રા લોન

**એમએસએમઈએસ ને ધિરાણ વૃદ્ધિ અને સહાય**

● એસબીઆઈ એમએસએમઈ, કૃષિ અને છૂટક ક્ષેત્રોને સૌથી મોટી ધિરાણકર્તા છે. ● કોવીડ-રાહત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયા લોનમાં અબજો ડોલરનું વિતરણ કર્યુ છે.

**ગ્રીન અને સસ્ટેનેબલ બેંકિંગ**

● ભારતના પ્રથમ ગ્રીન બોન્ડ જારી કર્યા ● નવીનીકરણીય ઊર્જા, ઈવી અને આબોહવા - સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડે છે.

**એસબીઆઈ - એક નજરમાં (૨૦૨૫)**

| પરિમાણ | કિંમત |
|---|---|
| શાખાઓ | ૨૨,૫૦૦+ |
| એટીએમ / સીડીએમ | ૫૮,૦૦૦+ |
| કર્મચારીઓ | ૨,૫૦,૦૦૦+ |
| ગ્રાહકો | ૪૭ કરોડ+ |

**એકીકરણ અને વૈશ્વિકરણ (૨૦૦૮-૨૦૧૭)**

**સહયોગી બેંકો સાથે વિલીનીકરણ**

વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બેંક બનવા માટે, એસબીઆઈએ ઐતિહાસિક એકીકરણ હાથ ધર્યુ.

● **૨૦૦૮:** સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રનું સ્ટેટ બેંકમાં વિલીનીકરણ થયું. ● **૨૦૧૦ :** સ્ટેટ બેંક ઓફ ઈન્દોરનું સ્ટેટ બેંકમાં વિલીનકરણ થયું. ● **૨૦૧૭ :** બાકીની પાંચ સહયોગી બેંકો અને ભારતીય

મહિલા બેંકનું પણ એસબીઆઈમાં વિલીનીકરણ થયું અને એ રીતે ટોચની ૫૦ વૈશ્વિક બેંકોમાંની એક બની અને ૨૫૦,૦૦૦ થી વધુ કર્મચારીઓ સાથે ભારતમાં સૌથી મોટી નોકરીદાતાઓમાંની એક બની.

**આંતરરાષ્ટ્રીયસ્તરે હાજરી**

એસબીઆઇ હવે ૩૦ થી વધુ દેશોમાં કાર્યરત છે, જેમાં ૨૦૦ થી વધુ આંતરરાષ્ટ્રિય ઓફિસો/શાખાઓ છે, જે એનઆરઆઈ, ભારતીય કોર્પોરેટ અને વૈશ્વિક વેપાર ભાગીદારોને સેવા આપે છે.

**વર્તમાન સંદર્ભમાં એસબીઆઇ (૨૦૨૫)**

**ડિજિટલ ટ્રાન્સફોર્મેશન**

**એસબીઆઇ એક ટેક-સેવી, ગ્રાહક કેન્દ્રિત બેંક તરીકે વિકસિત થઈ છે :** • યોનો એપના ૭૦ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ છે • એઆઇ અને એનાલિટિક્સ વ્યક્તિગત બેંકીંગ અને છેતરપિંડી શોધને પ્રોત્સાહન આપે છે • વિડિયો કેવાયસી, ઈ-લોન્સ અને ચેટબોટ્સ દ્વારા પેપરલેસ, બ્રાન્ચ લેસ બેંકિંગ સેવા ઉપલબ્ધ કરે છે.

| **પરિમાણ** | **કિંમત** |
|---|---|
| બજાર મૂડીકરણ | ટોચની લિસ્ટેડ ભારતીય કંપનીઓમાં |
| વૈશ્વિક રેન્કિંગ | ટોચની ૫૦ વૈશ્વિક બેંકોમાં |
| ડિજિટલ વપરાશકર્તાઓ (યોનો વગેરે) | ૧૦૦ મિલીયનથી વધુ |
| ક્રેડિટ પોર્ટફોલિયો | રૂા. ૩૫+ લાખ કરોડ |
| થાપણો | રૂા. ૪૫+ લાખ કરોડ |

**વારસો અને સાંસ્કૃતિક અસર**

**એસબીઆઇ માત્ર એક બેંક નથી; તે એક રાષ્ટ્રીય સંસ્થા છે :** • તેની હાજરી એ જગ્યાએ હતી જ્યાં લાખો લોકોનું પહેલું બેંક ખાતું હતું • પેઢીઓથી પસંદગીનો નોકરીદાતા રહ્યો છે • વિશ્વાસ, સુરક્ષા અને સ્થિતિસ્થાપકતાનું પ્રતિનિધિત્વ કરે છે. તેનો વાદળી લોગો, જે કીહોલ દર્શાવે છે, તે સુરક્ષા અને અને અનલોકિંગ ક્ષમતાનું પ્રતિનિધિત્વ કરે છે.

એસબીઆઇ દરેક કટોકટીમાં રાષ્ટ્રની પડખે ઊભી રહી છે - પછી ભલે તે યુદ્ધ હોય, કુદરતી આફતો હોય કે રોગચાળો હોય - તરતલા, રાહત અને વિશ્વાસ પૂરો પાડતી રહી છે.

**ભાવિપથદર્શન : આગામી ૭૦ વર્ષ**

એસબીઆઇ આગામી બેંકિંગ ક્રાંતિનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે; જેમાં • AI- ફર્સ્ટ બેંકીંગ અનુભવો • બ્લોકચેન આધારિત વસાહતો • ડિજિટલ રૂપિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર • પાયાના સ્તરે નાણાકીય સાક્ષરતા અને સશક્તિકરણ.

ભારતનું અર્થતંત્ર ૧૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાની મહત્વાકાંક્ષા સાથે આગળ વધે છે, ત્યારે તેમાં એસબીઆઈનું યોગદાન મોખરે રહેશે. ખાતરી થશે કે સ્ટેટ બેંકની વૃદ્ધિ સમાવેશી, ટકાઉ અને સુરક્ષિત હોય.

**નિષ્કર્ષ (ઉપસંહાર)**

વસાહતી બેંકિંગથી લઈને ડિજિટલ નવીનતમના શિખર સુધી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૭૦ વર્ષની ભવ્ય સફર પૂર્ણ કરી છે - જે વિશ્વાસ, સ્થિતિસ્થાપકતા અને હેતુથી ચિન્હીત છે. તેની સફર ભારતની આર્થિક અને સામાજિક સફરનું એક સુંદર ઉદાહરણ છે. આકાંક્ષા, આત્મનિર્ભરતા અને સમાવેશી પ્રગતિની જ્યોત સમાન છે. આ પ્લેટિનમ સીમાચિન્હ ઉજવણી કરતી વખતે, એસબીઆઇ માત્ર ગર્વથી પાછળ ફરીને જ નહીં પરંતુ દૃષ્ટિ સાથે આગળ પણ જુએ છે - હંમેશની જેમ, દરેક ભારતીય માટે બેંકર બનવા માટે પ્રતિબદ્ધ છે.

એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનમાં અમને આપણી સંસ્થા અને તેની નોંધપાત્ર સફર પર ખૂબ ગર્વ છે. આપણા કાર્યકારી જીવનના ૩૦ થી ૪૦ વર્ષ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને સમર્પિત કર્યા પછી, આપણે તેના ઉત્ક્રાંતિ માર્ગ અને વિકાસનો ભાગ બનવાનો ગૌરવ અનુભવીએ છીએ. ગર્વ અને સામૂહિક ભાવના સાથે આપણે પ્રિય બેંકના ઇતિહાસમાં આ મહત્વપૂર્ણ સીમાચિન્હની ઉજવણીમાં જોડાઇએ છીએ. **કમાલ કાદરી, સંપાદક**

SBI

DENTAL CARE IMPLANT AND LASER CENTER

DR.DEVAL TRIVEDI

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM - 3:00 PM | 5:00 PM - 8:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS AND THIER FAMILY MEMBERS,AHMEDABAD

# કારોબારી કમિટિની મિટીંગ ગાંધીનગર ખાતે યોજાઈ




એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનની કારોબારી સમિતિની મિટીંગ પાટનગર ગ્રીન સીટી, ગાંધીનગરના આંગણે તા. ૨૨-૦૬-૨૦૨૫ના રોજ યોજાઈ. એસબીઆઇ ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના એજીએમશ્રીના સહયોગથી એસબીએલડીના હોલમાં યોજાઈ.

**એસબીઆઈપીએના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી**એ સ્વાગત પ્રવચન દ્વારા મિટીંગની શરૂઆત કરી. મિટીંગમાં ઉપસ્થિત સૌને



આવકારતા એસબીઆઇપીએની નવી ટીમ ત્રીજા વર્ષે પણ સુંદર કાર્ય કરી રહી છે. અમદાવાદની ટીમ રોજ દરેકે દરેક દિવસે પેન્શનર્સ ઓફિસમાં અવેલેબલ હોય છે. આપણી સમગ્ર ટીમે ચાર્જ લીધો હતો એનો જશ અમદાવાદની ટીમને જાય છે. નિ:સ્વાર્થ ભાવે કામ કરતાં હોદ્દેદારો અને કમિટી સદસ્યો સાથે હિતેશભાઈ અને રમેશભાઈ ઓફિસમાં હાજર હોય છે. સભ્યો દ્વારા ફીડબેક મળે એ એનો પુરાવો છે. એનો અત્યંત આનંદ પણ છે. મેમ્બર્સનો સંતોષ જ આપણું મોટું ભાથું છે. દરેકે દરેક સેન્ટરના સભ્યો નિ:સ્વાર્થ ભાવે કામ કરે છે. સંતોષનો ગ્રાફ વધતો જાય છે. વધુમાં જણાવ્યું કે કારોબારીની મિટીંગ જે સેન્ટરમાં હોય ત્યાંના યુનિયન અને એસોસીએશનના પૂર્વ હોદ્દેદારોને ઈન્વાઈટ કરીએ



છીએ. આજની મિટીંગમાં એલએચઓ પીપીજી માંથી તાજેતરમાં જ સીએમ (પીપીજી) તરીકે નિવૃત્ત થયેલ **શ્રી નરેશભાઈ બ્રહ્મભટ્ટ** તેમજ એસબીઆઇ એમ્પ્લોઈઝ યુનિયનના પૂર્વ જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી કિરીટભાઈ સોની**ને આમંત્રિત કરવામાં આવેલ છે. શ્રી બ્રહ્મભટ્ટ પોઝિટિવ રીતે મેમ્બર્સનું કામ કરે છે. પીપીજીમાં ત્રણ વર્ષ કામ કર્યું છે. ખૂબ જ



વિશાળ અનુભવ તેમની પાસે છે. તેઓ એસબીઆઇપીએ માટે જેટલા દિવસ ગાંધીનગર હોય તેમનું કમિટમેન્ટ આપણા પ્રત્યે રહેશે. શ્રી કિરીટભાઈને ૧૯૯૮થી જાણું છું. હસમુખો સ્વભાવ ધરાવનાર કિરીટભાઈની શુભેચ્છા આપણી સાથે છે. પેન્શનર્સ માટે કામ કરશે.

ઓર્ગેનાઈઝેશન ડિસિપ્લીનની વાત કરતા જણાવ્યું કે આપણી ટીમને ત્રીજું વર્ષ ચાલે છે. પોલિસી મેટર હોય કે ઓર્ગેનાઈઝેશનની વાત હોય જનરલ સેક્રેટરી અને પ્રેસિડેન્ટ એલએચઓ ખાતે મેનેજમેન્ટને રજુઆત કરે છે. જેથી દરેક વ્યક્તિ એવું વિચારે કે હું ડાયરેક્ટ મેનેજમેન્ટ પાસે જઈને વાત કરૂં. પરંતુ મેનેજમેન્ટ ફેરવતી રહેશે. ઓર્ગેનાઈઝેશનની ડિસિપ્લીન જળવાવવી જોઈએ. મેનેજમેન્ટ પાસે પ્રશ્નોની રજુઆત કે નિરાકરણ કરાવવાની જવાબદારી જનરલ સેક્રેટરી પ્રેસિડેન્ટની છે. મોડ્યુલ લેવલે ડીજીએસને ઓવરલુક કરીને ડાયરેક્ટ મેનેજમેન્ટ પાસે ન જવું જોઈએ. કેટલાક લોકોને કન્ફર્મેશન વગર માહિતી સરક્યુલેશન કરવાની આદત છે તે યોગ્ય નથી. આપણી સિસ્ટમને ફોલો કરો. જેથી આપણી યુનિટી છે તે વધારે મજબૂત અને બરકરાર રહે. તે પ્રમાણે કાર્ય કરવા મારી સૌને વિનંતી છે. છેલ્લા બે વર્ષથી મેનેજમેન્ટ સાથે આપણાં સંબંધો સારા છે. મેનેજમેન્ટ હેલ્પ કરવા તૈયાર છે. એલએચઓ-મેનેજમેન્ટ ડિસ્પેન્સરી બાબતે કોર્પોરેટ લેવલે મોકલી આપેલ છે. કોર્પોરેટ લેવલે બેંકની ગાઈડલાઈન





પ્રમાણે ડીસીઝન લેશે. સીજીએમ (એચઆર) શ્રી રાજીવકુમાર ત્યાં હતા તેઓ પોઝિટિવ રીતે આગળ લઈ ગયા. તેમના પ્રયત્નોમાં આપણે કામ કરીએ છીએ.

અત્યાર સુધીમાં બે સર્કલ પેન્શનર્સ મીટ થઈ. અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ. સર્કલ મેનેજમેન્ટ તેમજ ઓલ ઈન્ડિયા લેવલે ફેડરેશન પણ આશ્ચર્યચકિત થયેલ છે. વધુમાં જેમ જેમ ઉંમર થતી જાય તેમ તેમ યાદો ટોનીક બની જાય છે. પેન્શનરોના સન્માન કરીએ છીએ ત્યારે જે પરિવારો તરફથી આવકારો અને ઉમળકો મળે છે અને તેઓના ચહેરા પર હાસ્ય અને સંતોષ જોઈ શકાય છે. જે સેન્ટરોમાં પેન્શનર મિત્રોના સન્માન બાકી હોય તેમણે ડીજીએસ સાથે સંપર્ક કરીને કોઈપણ પેન્શનર્સ સન્માનથી વંચિત ન રહી જાય તે રીતે કાર્યવાહી કરવાની છે.

વધુમાં આપણી મેમ્બરશીપમાં ૫૩૦૦ જેટલા મેમ્બર થવાના બાકી છે. એટલે કે ૩૨% મેમ્બરશીપ બાકી છે. આજે આપને બાકી મેમ્બરશીપની યાદી આપવામાં આવશે. આપણે સૌ સાથે મળી મેમ્બરશીપ બનાવવા પ્રયત્ન કરીએ. વધુમાં લેવી અને ડોનેશનમાં ૪૦% થી ૫૦% સાથે એક્સગ્રેસીયામાં ફેમિલી પેન્શનર્સ અને સબસ્ટાફ પાસેથી લેવી કે ડોનેશન લેવાના નથી. ઘણાં બધા મેમ્બરોમાંથી સારો પ્રતિભાવ મળ્યો છે. હજુ પણ લગભગ ૪૦% જેટલા લોકો લેવીમાં બાકી છે. તેનું લીસ્ટ આજે આપ સૌને આપવામાં આવશે તેમાં પ્રયત્નો કરજો.

બીજું ગઈકાલે મેડીક્લેઈમ પોલિસી આવ્યા પછી ડિસ્પેન્સરી કો-ઓર્ડીનેશન મિટીંગનું આયોજન કરવામાં આવેલ. આનંદ રાઠી, પેરેમાઉન્ટ ટીપીએ, સર્કલ મેનેજમેન્ટ, ડોક્ટરર્સ અને એસબીઆઈપીએના હોદ્દેદારો મિટીંગમાં જોડાયા હતા. મેડીકલ પોલિસીને લગતા પ્રશ્નો, હોસ્પિટલના બીલો બાબતના પ્રશ્નો, એપોલો ફાર્મસીને લગતા પ્રશ્નો વિગેરે બાબતની ચર્ચા કરવામાં આવી. પેન્શનરોના મેડીકલ પોલિસીના ૪૫૦ કાર્ડ ડીલીવર થયા નથી. એકંદરે મિટીંગ બહુ સારી રીતે સંપન્ન થઈ. એચ.આર. અને પીપીજીએ મિટીંગને મિનિટાઈઝ કરી. વડોદરા શહેરના પેન્શનરો જે દવાઓ લે છે તે પ્રમાણે દવાઓ ડિસ્પેન્સરીમાં રાખવામાં આવે. ગવર્નમેન્ટની પોલિસી પ્રમાણે બેંક કામ કરી રહી છે. જેનરીક દવાઓ સારી હોય છે. બેંકમાં સીમ્સ હોસ્પિટલ સાથે ટાઈઅપ છે તેની ગાંધીનગરમાં શરૂઆત થઈ રહી છે. શક્ય હોય તો બધા એડમિનમાં પણ આ સુવિધા મળી શકે. ઘણાં પેન્શનરો વર્ષો સુધી એકની એક દવાઓનો ડોઝ લે છે. આવા પેન્શનરો ડોક્ટર પાસે તપાસ કરાવી તે પ્રમાણે દવા લે તે જરૂરી છે. બેંક દ્વારા આપણને ધાર્યા પ્રમાણે સપોર્ટ મળી રહ્યો છે.

**શ્રી નરેશ બ્રહ્મભટ્ટે** જણાવ્યું કે તેઓ એચ.આર. ઈસ્યુ સાથે શરૂઆતથી જોડાયેલા હતા. જેમના હકનું હતું અને નહોંતુ મળતું તેવા કેસોમાં મદદ કરી છે. એસબીઆઈપીએની જુની અને નવી ટીમ સાથે કામ કર્યું. પેન્શનરોની રજુઆતોને ધ્યાનમાં રાખી સિનયર્સે બેંકમાં જે ફાળો આપ્યો તેમના હકનું બાકી રહ્યું હતું તે આપવાની કોશીષ કરી. આ તબક્કે એસબીઆઈપીએને બધી જ મદદની ખાત્રી આપુ છું.

**શ્રી કિરીટ સી. સોની**એ જણાવ્યું કે ૧૯૯૩થી શ્રી કમાલભાઈ સાથે કામ કર્યું. સંજોગોને કારણે યુનિયનમાં જોડાયો. મારી સફળતામાં સૌરાષ્ટ્રનો ફાળો વધુ રહ્યો. એમાંય રાજકોટનો સિંહ ફાળો રહ્યો. જુના મિત્રોને યાદ કરી શ્રી કમાલભાઈ એ સમયે પડદા પાછળના કલાકાર હતા. અમને સપોર્ટ કરતા હતા. ગાંધીનગરમાં શૈલેષભાઈ કામ કરે છે. હંમેશાં એસબીઆઈપીએ સાથે છું. આપે મને આમંત્રણ આપી મિટીંગમાં બોલાવ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો.



**વડોદરા મોડ્યુલના ડીજીએસ શ્રી સુધીરભાઈ જાની**એ જણાવ્યું કે જે કામ થયા છે એના કરતાં જે કામ નથી થયાં તેનું મારી પાસે લીસ્ટ છે. ભરૂચનો રાજુભાઈ વસાવાનો કેસ, કેટલીક જગ્યાએ લોકર રેન્ટ ડબલ ડેબિટ

થયા છે, મેનેજમેન્ટે સમયસર કામ કર્યું નથી. વડોદરામાં સમાધાન પખવાડાની મિટીંગ થઈ તેમાં રજૂ થયેલા પ્રશ્નોમાં કામ થતાં નથી. હાઉસીંગ લોન પૂર્ણ થયા પછી મકાનના દસ્તાવેજ મળતાં નથી. મેનેજમેન્ટ તરફથી મિનિટ્સ લખાતી નથી. મેમ્બરશીપ બનાવવાનું ડ્રાઈવ લીધું છે. દક્ષિણ ગુજરાતના પ્રશ્નોમાં મુવમેન્ટ કરવાની જરૂરિયાત છે. મેડીકલ ઈન્સ્યોરન્સ જાન્યુઆરીથી શરૂ થશે. ઘણાં ફેમિલીને આ બાબતનો કોઈ ખ્યાલ નથી. ફેમિલી પેન્શનર્સ તેનો લાભ લે તેવું કરવું જરૂરી છે. ૭૦ વર્ષ અને ૫૦ વર્ષ લગ્ન જીવનના પૂર્ણ કરનાર પેન્શનરોના ઘરે જઈને સન્માનિત કરી આવ્યા.

**ગાંધીનગર મોડ્યુલના ડીજીએસ શ્રી વસ્તાભાઈ વણકરે** ગાંધીનગરની વાત કરીએ તો સંગઠન બનાવ્યું છે તેનો હેતુ શું છે? જેમના હકો બાકી હોય તે અપાવવા. પાંચેક જણાના રિવાઈઝ પીપીઓ બનાવી હક અપાવ્યા. પાટણ, મહેસાણા, સિદ્ધપુર, પાલનપુર, મોડાસા વગેરેમાં વ્યક્તિગત પ્રશ્નો હલ કર્યા. ગાંધીનગરની ઓફિસમાં શ્રી શૈલેષભાઈ જોશી સતત કાર્યરત છે અને ઓફિસને સતત ખુલ્લી રાખે છે. વધુમાં એક એક્સિડન્ટ કેસની વાત કરતાં જણાવ્યું કે બે મહિના પહેલાં ચાણોદ શાખાના મેનેજર પોતાના પરિવાર સાથે કારમાં સફર કરતાં હતા. તેમની કારનો માલપુર નજીક એક્સિડન્ટ થયો. જેમાં તેમનું સ્થળ ઉપર મૃત્યુ થયેલ. ત્રણ જણ બચી જાય છે. આ સમાચાર મને મળતાં જ તુરંત જ માલપુર પોલિસ સ્ટેશન, સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાવી ડોક્ટરોનો સહકાર લીધો. અને છેલ્લે પરિવાર માટે અલગ ગાડી કરી આપી. સૌએ સહકાર આપ્યો. સંગઠન તરીકે આવી કામગીરી કરી તેનું ઉદાહરણ છે. ચોક્સી સાહેબે જે કાર્યો માટે આહ્‌વાહન કર્યું તેમાં ચોક્સથી કામ કરીશું.



**ભાવનગરના મોડ્યુલના ડીજીએસ શ્રી ભરત ભટ્ટે** જણાવ્યું કે એસબીઆઈપીએ-અમદાવાદ બધા જ સર્કલોમાં સારૂં કામ કરે છે. હવે આ ટીમને આ વર્ષે કામ કરવાનો મોકો મળ્યો તેનાં માટે પુરતી માહિતી પુરી પાડવામાં આવે તો સરળતા રહે. એબીઆરઓએ એસબીએસ હાઉસ હતું હવે ધીરે ધીરે આપણી તરફ આવી રહ્યાં છે. દસેક મેમ્બર બનાવ્યા છે. સમાધાન પખવાડાની કામગીરીમાં આગળ કાર્ય થતા નથી. દર અઠવાડિયે મળીએ, મંથલી મિટીંગ પણ દર માસનો પહેલા શનીવારે કરીએ છીએ. જેમાં ડોક્ટર, મોટીવેટર, ડીજીએમ-એજીએમને બોલાવીએ છીએ. કોઈ પણ સ્પીકરને બોલાવીએ છીએ. ડો. સવાણીએ આંખની હોસ્પિટલ દ્વારા ફ્રી તપાસ કરી. 'બી' પોલિસીમાં અમે કામ કર્યું. ભાવનગરમાં હાઈએસ્ટ કામ થયું છે. ફેમિલી પેન્શનર્સ માટે એચઆરએમએસમાં ડિટેઈલ ખોટી આવે છે. ઘણાંને સુધારવાનું ફાવતું નથી. અમે સુધારો કરી આપીએ છીએ. ૫૦ વર્ષ, ૭૦ વર્ષનું લીસ્ટ આપવામાં આવે તો અમારા વિસ્તારમાં કાર્યક્રમની તૈયારી કરી શકીએ. ડોક્ટર રેગ્યુલર આવે છે, દવાઓ મળે છે. એપોલોમાં ફોલોઅપ કરીને ઘરે દવાઓ મળે તે પ્રમાણે કાર્યવાહી કરીએ છીએ. પેરેમાઉન્ટ ટીપીએ માટે શ્રી પાર્થ પંડ્યાને બોલાવ્યા હતા. ૬૭ કેસ રીટર્ન થયેલા તે રિ-સબમીટ કરેલા. અમરેલી, જુનાગઢ, શિહોર વિગેરે વિસ્તારોમાં એકબીજાને મદદ કરીએ છીએ.



**રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવે**એ જણાવ્યું કે ઈ.સી. મિટીંગમાં ડીજીએસની પહેલાં પ્રભારીને પણ મોકો આપવામાં આવે. સમાધાન પખવાડામાં દરેક પ્રશ્નોની રજુઆત કરવામાં આવેલી. ત્રણ પખવાડિયાના ભેગા થઈ તેમાંના ઘણાં બધા પ્રશ્નો બાકી છે. રાજકોટ ખાતે જે ડોક્ટરો ફ્રી સેવા આપવા માંગતા હોય તેમનો સંપર્ક કરીને કેમ્પનું આયોજન કરીએ છીએ. ૬ હોસ્પિટલોમાં ફ્રી ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તા. ૨૫-૦૧-૨૦૨૫ના રોજ 'એ' અને 'બી' પોલિસીની સંપુર્ણ માહિતી આપી. લગભગ ૧૧ સિવાય બધાએ રિન્યુ કરાવી. તા. ૨૫-૦૩-૨૦૨૫ના રોજ રાજકોટમાં સ્ટ્રક્ચર મિટીંગ થઈ. ઘણાં મુદ્દાઓને આવરી લીધા. તા. ૧૪-૦૪-૨૦૨૫ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જ્યંતિ નિમિત્તે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવેલ. ૯૦ વર્ષથી ઉપરના રાજકોટ મોડ્યુલના ૧૦માંથી ૯ વડીલોનું સન્માન તેમના નિવાસ સ્થાને જઈને કરવામાં આવ્યું. આપણા પરિવારના પારૂલબેન, સંજયભાઈ મહેતા અને હિંમાશું ઠક્કરનું સન્માન કરવામાં આવ્યું. નવા ડીજીએમ શ્રી રાજેશકુમારને પુષ્પગુચ્છ દ્વારા સન્માનિત કરી આવકારવામાં આવ્યા.



**સુરત મોડ્યુલના ઈ.સી. મેમ્બર શ્રી અશ્વિનભાઈ રાઠોડે** નવી મેમ્બરશીપ બનાવવાની વાત કરી. બારડોલીની



પેન્શનર્સ મીટમાં ૩૦ જેટલા નવા મેમ્બર્સ બનાવ્યા હતા. વ્યારાની પેન્શનર્સ મીટમાં પણ નવા મેમ્બરશીપ બનાવવાની કામગીરી ચાલું છે. ૯૦ વર્ષ ઉપરની વયના સુરત, નવસારીના વડીલોનું સન્માન કરવામાં આવ્યું. મેડીકલ પોલિસી 'બી'માં પણ સારૂં કામ કરેલ. સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટના કેસમાં પણ કામ કર્યું છે. વલસાડની ડિસ્પેન્સરીનું કામ બાકી છે. તેમાં ઘટતું કરવા જણાવ્યું.

નારી સશક્તિકરણના ભાગરૂપે આપણાં ત્રણ એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર બહેનોને પોતાની રજુઆત કરવા માટે આમંત્રિત કરવામાં આવેલ. જેમાં **વડોદરાના કમિટી મેમ્બર નયનાબેન શેલતે** પોતાની વાત રજૂ કરતાં જણાવ્યું કે દરેક જગ્યાએ મહિલાએ પોતાને સાબિત કરવા મહેનત કરવી પડે. મેડીકલમાં મહિને દવાના ખર્ચા રૂા. ૧૦ હજારથી ૧૫ હજાર સુધી હોય છે. તેવા કેસોમાં મેનેજમેન્ટને રજુઆત કરીએ છીએ. સમાધાન પખવાડાની મિટીંગોમાં રજુ થયેલ પ્રશ્નોનું સક્શેસફૂલ રિઝલ્ટ આવતું નથી. ઘણાં મેમ્બર્સ સારૂં કામ કરે છે. જેમાં શ્રી નિલકંઠ વ્યાસ જેવાને એકનોલેજમેન્ટ કરવા જોઈએ. નવા મેમ્બર્સની ડ્રાઈવમાં રિટાયરમેન્ટ વખતે જ મેમ્બર બનાવવા જોઈએ. આપણી ટીમ સારૂં કામ કરી રહી છે.



**જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી**એ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે ડીજીએસ-વડોદરા મોડ્યુલ શ્રી સુધીરભાઈની વાત તેમણે કામ નથી થયા તે વાત રજુ કરી તે ગમી. સુરતમાં ચાર વર્ષનું ભેગું પેન્શન અપાવ્યું. આવી બાબત પેન્શનર્સ પ્રકાશમાં આપવામાં આવતી નથી. પખવાડા પછી શ્રી વસાવાભાઈને મેડિકલ, એલએફસી પેમેન્ટ નહોતું મળ્યું. અઢી લાખ સુધીની રકમ અપાવી. પ્રયત્ન ન કરો તો મેનેજમેન્ટ કંઈ આપશે નહીં. આપણી ઓફિસમાં શ્રી જિકેશભાઈ ઘણાં બધા કેસોમાં કેલક્યુલેશન શીટ જવા દો તેઓ નોટ પણ બનાવી આપે છે. ઈએસબીએસના જુના ઈસ્યુ છે. રેમ્સમાં એજીએમ (પીપીજી)એ સારી નોટ બનાવી છે. બેંક પાસે સરસ ફંડ છે. તેમાં ઈમ્પ્રુવમેન્ટ ૧૦૦% કરાવવાનું છે. મેડીકલમાં ઘણાં કામ બાકી છે. આનંદ રાઠી, પેરેમાઉન્ટ ટીપીએ, યુ-આર લાઈફ સાથે મિટીંગ મળી હતી.



એપોલો ફાર્મસીમાં દવાઓમાં રૂા. ૧૨૦૦૦ની લિમિટ પુરી થઈ ગયા પછી એપોલોના સ્ટોરમાંથી દવા આપવામાં આવતી નથી. એપોલો પાસે પેન્શનર્સની ફાઈલ ગઈ છે. સ્પાઉસની દવા લેવા જાવ ત્યારે સ્પાઉસનું નામ આવવું જોઈએ. પેરેમાઉન્ટ ટીપીએમાં બીજા ડીસીઝ કેસમાં વિગત ડીલે પાર્ટ છે. ૨૪ કલાકની ફોર્મુલા જ નથી. ક્વેરીના કારણે બીલ ક્લોઝ કર્યાનું લીસ્ટ જોઈએ. ક્વેરીના રિપ્લાય ન આપવાથી બીલ ક્લોઝ થઈ ગયેલ. ઘણાં લોકો ૧૬ વર્ષથી બીપીની એકની એક ગોળી લે છે તેને સમયાંતરે ડોક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ. અમને તો સારી ટ્રીટમેન્ટ, સારી દવા મળવી જોઈએ. બેંકના નોમ્સ પ્રમાણે અમને બધી જ ફેસીલીટી મળવી જોઈએ. જે પેન્શનર્સ વિદેશ જતા હોય છે તેમને ડીસ્પેન્સરીમાંથી માત્ર બે મહિનાની જ દવા આપવામાં આવે છે. રજુઆત પછી હવે ત્રણ મહિનાની દવા આપવામાં આવશે. ડોક્ટરે કહ્યું મેડીસીન તમારે દવાખાનામાંથી જોઈતી હોય તો તમારા સ્પાઉસ કઈ દવા લે છે તેની જાણ તમારા ડીજીએસ, ઈસી મેમ્બરને જણાવશો. જેથી તે પ્રમાણેની દવા દવાખાનમાંથી મળશે. દરેક મોડ્યુલમાં કઈ દવા ઉપયોગમાં લેવાય છે. તે લખીને આપવાનું. જેથી પેન્શનર્સને ફાયદો થશે. જ્યાં પણ ડીસીઝ કેસની ખબર પડે તો તેમાં ફેમિલી પેન્શન મેળવવાની માટેની કાર્યવાહી કરો.

સ્ટાફ હાઉસીંગ લોનમાં ૨૦૧૯થી લોન ઈન્સ્યોરન્સમાં કવર્ડ થઈ ગયેલ છે. જ્યારે પણ ડીસીઝ ડિક્લેર કરે તુરત જ વ્યાજ બંધ થઈ જશે. ૧લી માર્ચે ડીએમડી અને સીજીએમ (એચઆર)ની એક સાથે ટ્રાન્સફર કરી. મેડિકલ પોલિસી 'એ'માંથી ૬૮ ડીસીઝમાં ઈન્સ્યોર્ડ પોલિસીની રકમના ૧% પ્રમાણે ડોમિસીલરી ખર્ચ મળે છે. ડે-કેર સીરીયસ ડિસીઝમાં મળે છે. ગાંધીનગર, મહેસાણા, ભાવનગર, સુરત સીટી વિગેરેમાં પેન્શનર્સ મીટ કરવી છે. ડીસેબલ્ડ ચાઈલ્ડમાં કોઈ પણ કેસ એજીએમ (પીપીજી)ને જ મોકલવાના. ડિસેબલ્ડ ચાઈલ્ડમાં જે કેસ પેન્ડીંગ છે તેમાં રાજકોટમાં બુખારીનો કેસ પેન્ડીંગ છે. ડિસેબલ્ડ ચાઈલ્ડ એલીજીબિલીટી ક્રાઈએરીયામાં (૧) ડિસેબલ્ડ ચાઈલ્ડમાં ડીસએબિલીટી ૪૦%થી વધારે હોવી જોઈએ. (૨) આજીવિકા કમાઈ શકે તેમ ન હોય અને (૩) નિવૃત્ત પહેલાંનો કેસ હોવો જોઈએ. બધા જ કેસોમાં કોર્પોરેટ સેન્ટર સાથે લાયેઝન કરીને સોલ્વ કરીએ છીએ. એક્ષગ્રેસીયામાં તા. ૧-૧૧-૨૦૨૨થી ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીમાં ૨૨ જણાનું લીસ્ટ મળ્યું છે. જેમાં ૭ જણાને તેનો લાભ મળ્યો છે. જે લોકો ઉપરોક્ત સમયમાં મૃત્યુ પામેલ હોય તો તેમના ફેમિલી પેન્શનર્સને એરીયર્સ મળે. તેનું લીસ્ટ જોવું. તેમની પેન્શનર્સ સ્લીપ પણ જોઈ લેવી. ૧૦-૧૧-૧૨માં વેઝ રિવીજનમાં વર્કિંગ સ્ટાફને જ ફાયદો થાય છે. ઓલ એલાઉન્સ પાર્ટ ઓફ સેલેરી થાય તો પેન્શન અપગ્રેડેશન જેટલો ફાયદો થાય. ગઈ કાલથી એચઆરએમએસમાં રિઝીમ ચેન્જ કરી શકાશે. તા. ૧ થી ૨૦માં

કરી શકાશે. નહીં તો બાયડિફોલ્ડ નવી રિઝીમ થશે. સ્ટાફ રેટ ૧% મોર. સરક્યુર જૂનના પેન્શનર્સ પ્રકાશમાં સરક્યુલેટ કર્યો છે. નોમિનેશન ફેસિલીટીમાં આરબીઆઈ દ્વારા ૪ની ફેસિલીટી ડીકલેર કરી. સોફ્ટવેરમાં થયું નથી. લોકરમાં E or S ફેસિલીટી હોય તો નોમિનેશન ના થાય. પીપીએફના ખાતાઓમાં કોરબેન્કીંગમાં નોમિનેશન નથી. એકાઉન્ટ ઓપનીંગ હોય, પરંતુ નોમિનેશન ના હોય તો કોર સીસ્ટમમાં નંખાવી તેની પહોંચ લઈ લેશો. નોમિનેશનનો પાર્ટ દરેક ટીડીઆરમાં નંખાવાનો છે. ઘરના દરેક સભ્યોને એજ્યુકેટ કરો.

આઈડીએફ એક્ટિવ થઈ ગયું છે. બેંકમાં ટીડીએસ કાપે, એચઆરએમએસ પણ કાપે બંને તરફથી ડીડક્શનની એફઆરડીને રિફર થઈ છે. એસોસીએશનની બાકી મેમ્બરશીપ માટે દરેક મોડ્યુલને કહેવામાં આવ્યું છે. બાકી બધા સાથીઓને આપણી સાથે જોડી શકીએ. જેમણે નોનમેમ્બર હોવા છતાં યોગદાન આપ્યું છે તેમની સાથે વાત કરશો અને નવી મેમ્બરશીપ માટે કામ કરશો. લેવી/ડોનેશનમાં સભ્યોનો અવિરત પ્રવાહ ચાલુ છે. સબસ્ટાફ અને ફેમિલી પેન્શનર્સ પાસેથી લેવી/ડોનેશન લેવાનું નથી. લેવી/ડોનેશનમાં બાકી રહેલ સભ્યો માટે કામ કરવું પડશે, જેથી ઓર્ગેનાઈઝેશનને વધારે મજબૂત કરી શકાય.

હવે પછીની એજીએમની વાત કરતાં જણાવ્યું કે નેક્ટસ એજીએમ માટે બરોડા પર પસંદગી ઉતારી. સંભવિત જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચમાં એજીએમ યોજવાનું જણાવ્યું. પેન્શનર્સ મીટમાં દરેક જિલ્લાના સ્થળોને આવરી લેવા માટે તા. ૧-૦૪-૨૦૨૫થી થી ૩૧-૦૩-૨૦૨૬ સુધીમાં ડ્યુ થનાર પેન્શનર્સ માટે અગાઉથી પ્લાનીંગ કરીએ. પેન્શનર્સ પ્રકાશનું લાઈસન્સ રિન્યુ થઈ ગયેલ છે. પરંતુ હમણાં ભારત સરકારે ગેઝેટમાં કાયદો બદલી નાખેલ છે એટલે કે હવે જે સાપ્તાહિક મેગેઝીન હશે તેને જ લાભ મળશે. મંથલી મેગેઝીનને તેનો લાભ મળશે નહીં. જેથી દરેક સભ્યોને રૂા. ૨/-ની ટીકીટ લગાવીને પેન્શનર્સ પ્રકાશ મોકલવું પડશે. દર મહિને લગભગ ૧ લાખ ૩૦ હજારનો ખર્ચ થાય છે. આ બાબતમાં જે મિત્રો સોફ્ટ કોપી માટે સંમતી આપશે ઈ-મેઈલ કે વોટ્સએપમાં મોકલી આપવામાં આવશે. તેના માટે કન્સર્ટ લેટર મોકલવાનો રહેશે. હવેથી આખી કમિટીની ફિઝીકલ કોપી ડીસકન્ટીન્યુ કરીએ છીએ. શ્રી કમાલ કાદરીજીએ હાઉસને ઓપન ફોરમ આપતા તેમાં રજૂ થયેલા મુદ્દાઓમાં વલસાડ, હિંમતનગર, અમદાવાદ ઓલ્ડ એડમિન ઓફિસ, મોરબી વિગેરેમાં ડિસ્પેન્સરી માટે કોર્પોરેટ સેન્ટરમાં પ્રપોઝલ સબમીટ થયેલ છે. જુલાઈના પહેલા વીકમાં કોર્પોરેટ સેન્ટરમાં રૂબરૂ મુલાકાત કરીશું. કેરાલા સર્કલમાં દરેક રિજિયનમાં ડિસ્પેન્સરી છે. શ્રી જોરસંગભાઈ પ્રશ્ન બાબતમાં લેબોરેટરીના બેન્ક ચાર્જીસ મોકલ્યા છે. તમારા ચાર્જીસ હાઈ સાઈડ છે. શ્રી દુસેજાભાઈ દ્વારા ટીપીએનો ડેટા અને પીપીજીનો ડેટા મળતાં નથી. કાર્ડના આધારે એપોલો સ્ટોર પરથી દવા આપી શકે તે માટે એગ્રી થયા છે તેઓ બેન્કના ડેટામાંથી વિગતો લઈ લેશે. પોલિસીનો ડેટા જેન્યુન ડેટા છે.

એજન્ડા પ્રમાણેની કાર્યવાહીમાં પ્રમુખશ્રીએ **એજન્ડા નં.-૨** તા. ૧૩-૧૦-૨૦૨૫ની મિનિટ્સને વંચાણમાં લઈને હાઉસે તેને બહાલી આપી.

**એજન્ડા નં. ૫** માં ટ્રેઝરર શ્રી રવિ સોલંકીએ હિસાબો તેમજ રૂા. ૨૫૦૦૦/- થી વધારેના ખર્ચાઓ રજૂ કર્યા. તેને હાઉસે બહાલી આપી.

**એજન્ડા નં. ૬** કુલ ૬૨૩ નવા મેમ્બર બનાવવામાં આવ્યા. જેને હાઉસે બહાલી આપી.

**એજન્ડા નં. ૭** માં ૪૦% અને ૫૦%માં થયેલ વધારા તથા એક્સગ્રેસીયાની બાકી લેવી બાબતે ચર્ચા કરવામાં આવી. ચર્ચાને અંતે લેવી આપવામાં બાકી મેમ્બર્સનું મોડ્યુલ વાઈઝ લીસ્ટ તૈયાર કરેલ તેમાં કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં. ૯**માં બાકી રહેલ પેન્શનર્સને એસબીઆઈપીએના સભ્ય બનાવવા બાબતે ચર્ચા-વિચારણાંના અંતે સૌએ સાથે મળીને નવા મેમ્બર્સ બનાવવાની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું.

**એજન્ડા નં. ૧૦**માં તા. ૨૨-૦૩-૨૦૨૫ના રોજ યોજાયેલ સર્કલ પેન્શનર્સ મીટ અને એજીએમમાં થયેલ ખર્ચાઓ રજૂ કરવામા આવ્યા અને ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

**એજન્ડા નં.-૪ અને ૮ : એજન્ડા નં. ૪** બાબતે જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ જનરલ સેક્રેટરી રિપોર્ટની રજુઆત કરી અને હાઉસ તેને બહાલી આપી. **એજન્ડા નં. ૮** બાબતે એસબીઆઈપીએ અમદાવાદ સર્કલની ૨૦૨૫ની વાર્ષિક સાધારણ સભાના આયોજન બાબતે ચર્ચા-વિચારણાને અંતે વડોદરા ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યુ. તેને હાઉસે બહાલી આપી.

**એન્ડા નં.-૧૧**માં પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થયેલ કાર્યમાં તા. ૩૧-૦૮-૨૦૨૫ના એસબીઆઈપીએના સ્થાપના દિવસે ૧૦૦ થેલેસીમિયા પિડીત બાળકોના બ્લડ ટ્રાન્સફ્યુઝનના એક બાળકના રૂા. ૭૫૦/- લેખે એક વીક એસોસીએશન તરફથી સેવા કાર્ય પેટે ખર્ચ કરવામાં આવશે.

કારોબારી કમિટી મિટીંગનું સુંદર સંચાલન એસબીઆઈપીએના જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી કાન્તીલાલ પરમારે** કર્યું હતું. અંતમાં પ્રેસિડેન્ટ શ્રી આર. એન. ચોક્સીએ મિટીંગને પૂર્ણ થયેલ જાહેર કરી હતી.


EVERY CANCER IS DIFFERENT.
SO ARE THE EXPERTS WHO TREAT IT.
Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE
AT MARENGO CIMS HOSPITAL, WE HAVE EXPERTS FOR EVERY KIND OF CANCER.
We understand that every cancer case is different and needs special treatment and care. After identifying the cancer, the cancer specialist who specializes in diagnosing and treating that particular cancer operates on you, therefore, ensuring that you receive the right and a comprehensive 360-degree approach to medical, surgical & radiation oncology.
ONCOLOGY (MEDICAL): Dr Bhavesh B Parekh | Dr Yesha Patel
ONCOLOGY (RADIATION): Dr Devang Bhavsar | Dr Malhar Patel | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai
ONCOLOGY (SURGERY) - Head & Neck Surgeon: Dr Ashok Patel | Dr Jayesh Patel | Dr Darshan Bhansali
Onco Surgeon: Dr Nishant Sanghavi | Dr Urvish Shah | Dr Mohit P. Korat | Dr Veer R. Shah | Dr Nikunj Patel
Breast Surgeon: Dr Abhishek Jain | Dr Noopur Patel • General Oncology: Dr Natwarbhai Patel (Dr Natoo Patel)
Gastrointestinal and Genitourinary Surgeon: Dr Mahavir Tadaiya • GI & HPB Onco Surgeon: Dr Manish Gandhi
Thoracic Onco Surgeon: Dr Sarav Shah | Dr Abhishek Jain • Uro Onco Surgeon: Dr Keval Patel
BONE MARROW TRANSPLANT: Dr Kaumil Patel | Dr Hemant Menghani | Dr Ankit Jitani
Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon: Dr Vatsal Kothari • Nuclear Medicine: Dr Zeel Soni
NO TWO HEARTS ARE THE SAME
7 DIFFERENT WAYS perfected for Bypass Surgery
On Pump (Open Heart) Surgery
Off Pump (Beating Heart) Surgery
Bilateral Internal Mammary Artery (BIMA) Total Arterial Bypass Surgery
Minimally Invasive Cardiac Surgery (MICS)
Robotics Heart Bypass Surgery
Hybrid Bypass Surgery
Bypass Surgery in Heart Failure
Marengo CIMS Hospital
Off. Science City Road, Sola, Ahmedabad - 380060.
marengocims.info@marengoasia.com
JCI (USA)
For emergency or appointment,
1800 309 9999

# SBI Pensioners' Association

## Gandhinagar Circle

પરિપત્ર નં. : ૧૦૪૩/૨૦૨૫ તા. ૨૪-૦૭-૨૦૨૫

# ચાલો.... પેન્શન વધારાની લડતમાં ....

## પેન્શનર્સ એસોસીએશનના ઈતિહાસમાં પહેલીવાર એક દિવસીય ભૂખ હળતાળ, સૂત્રોચ્ચાર અને દેખાવોનો કાર્યક્રમ

પ્રિય પેન્શનર્સ મિત્રો,

Coordination of Bank Pensioners and Retirees Organisations (CBPRO) ના કન્વિનર તથા ફેડરેશન ઓફ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી દિપકકુમાર બાસુના નિર્દેશ અનુસાર એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી તથા BOIPAના શ્રી આર. એસ. ત્રિવેદી નેતૃત્વમાં અમદાવાદના તમામ બેંકોના પેન્શનર્સ ઓર્ગેનાઈઝેશનના આગેવાનોની મળેલ મિટીંગમાં નક્કી થયા પ્રમાણે પેન્શનરોને સ્પર્શતા પેન્શન વધારાના આર્થિક મુદ્દો જે ઘણાં સમયથી પેન્ડીંગ છે. આ મુદ્દે લડત આપવા અમદાવાદ શહેરના એસબીઆઈપીએના મજબૂત અને જાબાઝ સિપાઈઓનો વિશાળ પરિવાર છે. અને આ પરિવારે ભૂતકાળમાં ઘણાં સંઘર્ષોમાં સફળતા મેળવી છે. આજના સમયની માંગ પ્રમાણે આપણને લડતમાં જોડાવવાનો રૂડો અવસર પ્રાપ્ત થયો છે ત્યારે અમને વિશ્વાસ છે કે આપ જબરદસ્ત જુસ્સા સાથે આ લાંબા સમયની પડતર માંગણીની લડતમાં જોડાઈને અન્ય બેંકોના પેન્શનર્સ મિત્રો માટે આપ દિવાદાંડી બનશો. સરકારશ્રી પાસે આપણી પડતર માંગણીને ધ્યાને લાવવા માટે તેમજ તેના ઝડપી ઉકેલ માટે આ લડતનું આયોજન કરવામાં આવેલ છે. તે માટે એક દિવસીય ભૂખ હડતાળ, સૂત્રોચ્ચાર અને દેખાવોનો કાર્યક્રમ નીચેની વિગતે રાખેલ છે.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૦૫-૦૮-૨૦૨૫, મંગળવાર |
| ભૂખ હડતાલનો સમય | : | સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦ સુધી |
| સૂત્રોચ્ચાર અને દેખાવો | : | સાંજે ૦૪.૦૦ વાગે શરૂ થશે. |
| સ્થળ | : | કલેક્ટર ઓફિસ સામે, આર.બી.આઈ ક્વાટર્સ પાસે, અભય ઘાટની બાજુમાં, આર.ટી.ઓ સર્કલ, સુભાષ બ્રીજ, અમદાવાદ |

તો આવો, આપણે સૌ સાથે મળીને ઉપરોક્ત કાર્યક્રમને ક્રાંતિકારી પ્રયાસ દ્વારા જ્વલંત સફળ બનાવીએ. જે મિત્રોને ભૂખ હડતાળમાં જોડાવાનું શક્ય ન હોય તેમણે તેમના મિત્રો સાથે સાંજે ૪.૦૦ વાગે સૂત્રોચ્ચાર અને દેખાવોના કાર્યક્રમમાં પેન્શનર્સની એકતાને મજબૂત બનાવવા અચૂક હાજર રહેવું. જેમાં વર્કીંગ ઓર્ગેનાઈઝેશનના તમામ જનરલ સેક્રેટરીશ્રીઓ તેમજ ટ્રેડ યુનિયનના નેતાઓ સભાને સંબોધશે.

એસબીઆઈપીએના ૨૫૦ કાર્યકરોની ટીમ ભૂખ હડતાળમાં જોડાય એવી અમારી નેમ છે. પેન્શનર્સ મિત્રોને ભૂખ હડતાળમાં જોડાવવા માટે તા. ૦૩-૦૮-૨૦૨૫ સુધીમાં પોતાના નામ નીચે જણાવેલ હોદ્દેદારો પાસે નોંધાવવા.

| | |
|---|---|
| શ્રી પી.જી. પારઘી(મો) ૯૦૯૯૦ ૫૦૪૨૫ | શ્રી કાન્તીલાલ પરમાર (મો) ૯૮૯૮૦ ૦૦૪૪૪ |
| શ્રી ચિંતક પટેલ (મો) ૯૦૯૯૦ ૯૦૧૪૫ | શ્રી સુભાષ પટેલ (મો) ૭૬૦૦૦ ૩૫૨૯૫ |

તા. ક. : ૧) કોઈ પણ એક હોદ્દેદાર પાસે જ નામ નોંધાવવું.
૨) આ કાર્યક્રમમાં પેન્શનર્સ બહેનો મોટી સંખ્યા હાજર રહે એવી અપેક્ષા સાથે.

આર. એન. ચોક્સી-પ્રમુખ ટીમ-એસબીઆઈપીએ-અમદાવાદ કમાલ કાદરી-જનરલ સેક્રેટરી

## બેંક દ્વારા નિવૃત્ત કર્મચારી માટે 'SBI TRIBUTE' યોજનાનો શુભારંભ પેન્શનરોમાં આનંદની લાગણી પ્રસરી

